Extra No. 373

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, OCTOBER 16, 2025 / ASHVINA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

- ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨, તા. ૧૦/૧૦/૨૦૨૫

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અને ૩૩(૧)(યુ) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૩૧૪૭ થી ૧૩૨૧૨/૨૦૨૫.-નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન સીવીલ નં.૭૨૮/૨૦૧૫માં તા.૨૩/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ (એનેક્ષ૨-૧)ના રોજ થયેલ આદેશમાં ફટાકડા સંદર્ભમાં આપવામાં આવેલ સુચનાઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫માં તા.૨૯/૧૦/૨૦૨૧ના હુકમ (એનેક્ષ૨-૪) દ્વારા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભે આપવામાં આવેલ સુચનાઓની અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ. દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલા દિશા-નિર્દશો ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે તથા ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ફટાકડાના વેચાણ/ફોડવા બાબતે પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે બાબતે તા.૦૯/૧૧/૨૦૨૦ના રોજ દિશા-નિર્દેશો આપેલ છે. સદરહુ પરિપત્રો / આદેશોમાં જણાવ્યા મુજબ અગામી દિવાળી તથા અન્ય તહેવારો તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષના તહેવાર દરમિયાન કાર્યવાહી કરવા તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ જરૂરી પ્રતિબંધાત્મક આદેશો બહાર પાડવા ગૃહ વિભાગ દ્વારા વંચાણે લીધેલ તા.૧૦/૧૦/૨૦૨૫ના પત્રથી જણાવેલ છે. પાટણ જીલ્લામાં દિવાળી તથા અન્ય તહેવારો દરમ્યાન ફટાકડાના ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા બાબતે અને GREEN FIRE CRACKERS નો જ ઉપયોગ કરવામાં આવે તે રીતે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અને કલમ-૩૩(૧)(યુ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો ન કરવા ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

૧. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૨. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખુબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદૂષણ અને ધન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (joint firecrackers, series crackers or laris) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૩. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

૪. ઉપરાંત તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

૫. ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

૬. દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે, તેમાં ફટાકડા રાત્રીના ૨૦/૦૦ કલાક થી રાત્રીના ૨૨/૦૦ કલાક સુધી જ ફોડી શકાશે. નુતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩/૫૫ કલાક થી ૦૦/૩૦ કલાક સુધી જ ફટાકડા ફોડી શકાશે.

૭. હાનીકારક ધ્વનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને અન્ય ધ્વનિ સ્તર (decibel level) વાળા ફટાકડા વેચી/ વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/ માન્ય ફટકડાના દરેક બોક્ષ ઉપર "PESO ની સુચના પ્રમાણેનુ'' માર્કિંગ હોવુ જરૂરી છે.

૮. હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની 100 મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવેલ હોય જેથી ત્યા કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

૯. કોઈ પણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત/રાખી/વેચાણ કરી શકાશે નહીં.

૧૦. લોકોને અગવડ ઉભી ન થાય. કોઈ પણ ભયજનક પરિસ્થિતીનું નિર્માણ ન થાય તે માટે સુરત શહેરના બજારો, શેરીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ/ સી.એન.જી પંપ/એલ.પી.જી. બોટલિંગ પ્લાન્ટ, એલ.પી.જી ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક કોઈ પણ પ્રકારના કટાકડા ફોડી શકાશે નહીં.

૧૧. કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટન (ચાઈનિઝ તુક્કલ, આતશબાજ બલૂન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહીં. તેમજ કોઈ પણ સ્થળે ઉડાવી શકાશે નહીં.

૧૨. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ફટાકડા ફોડવા સંબંધમાં આપેલ માર્ગદર્શક સુચનાઓનો ભંગ થતો હોવાની વિગતો ધ્યાને આવેલ હોવાનું દર્શાવી સખત નારાજગી વ્યક્ત કરવામાં આવેલ છે. ગ્રીન ક્રેકર્સના નામે પ્રતિબંધિત ફટાકડાનું ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ થાય છે. અને ઘણા કિસ્સાઓમાં ફટાકડાના બોક્ષ કવર પરનો ક્યુ.આર.કોડ નકલી હોવાનું જણાવેલ છે. જાહેર સ્વાસ્થ્ય કે પર્યાવરણના ભોગે કોઈ પણ ઉજવણી ન થઈ શકે તે બાબત પર ભાર આપી નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫ માં તા.૨૯/૧૦/૨૦૨૧ના હુકમ (એનેક્ષર-૪) દ્વારા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર સંદર્ભ આપવામાં આવેલ સુચનાઓની સંપુર્ણપણે તથા સાચા અર્થમાં અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ છે. આ હુકમનું પાલન થાય તે સુનિશ્ચિત કરી ગૃહવિભાગના તા.૧૭/૧૨/૨૦૨૧ના પત્રથી (એનેક્ષર-૫)માં સુચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

અમલવારીનો વિસ્તાર

આ જાહેરનામું પાટણ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તા. ૧૯/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાના ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

વંચાણમાં લીધું ::-

- સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પાટણના પત્ર નં.જ.સં. /એમએજી/વશી/૯૬૧/૨૦૨૫ તા. ૧૩/૧૦/૨૦૨૫

-:: જાહેરનામું ::-

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૨૯૭૧ થી ૧૩૦૩૬/૨૦૨૫.-આગામી સમયમાં તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૩૦/૧૦/૨૦૨૫ સુધી દિવાળીના તહેવારો હોઈ આ તહેવારો દરમિયાન પાટણ શહેરના બજારમાં ખરીદી કરવા માટે પાટણ શહેર તથા આજુબાજુના ગામમાંથી ટુ-વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો લઈને આવતા હોઈ, પાટણ શહેરના મુખ્ય બજારમાં ભીડ થતી હોઈ, ટ્રાફીકનું નિયંત્રણ કરવું જરૂરી જણાતુ હોઈ પાટણ શહેરના બગવાડા દરવાજા થી અનાવાડા દરવાજાના રંગીલા હનુમાન સુધી બજારનાં મુખ્ય રસ્તા ઉપર તેમજ પાટણ સુભાષચોક થી જુનાગંજ-હિંગળાચાચર સુધીના રસ્તાઓ ઉપર દિવાળીના તહેવારો દરમિયાન તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૨૩/૧૦/૨૦૨૫ (સવારના : ૦૮ : ૦૦ થી રાત્રીના ૧૧ : ૦૦ કલાક) સુધી ત્રીચક્રી (થ્રી વ્હીલર), ફોર વ્હીલર અને ભારે વાહનોના પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ સંદર્ભદર્શિત પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે.

સબબ, દિવાળીના તહેવારો હોઈ આ તહેવારો દરમિયાન લોકો બજારમાં ખરીદી કરવાં પાટણ શહેર તેમજ આજુબાજુના ગામોમાંથી પોતાના ટુ વ્હીલર કે ફોર વ્હીલ વાહન સાથે આવતાં હોઈ ટ્રાફીક નિયંત્રણ કરવું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (As), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૪/૧૦/૨૦૨૫ થી તા.૨૩/૧૦/૨૦૨૫ સુધી સવારના ૦૮ : ૦૦ કલાક થી રાત્રીના ૧૧ : ૦૦ કલાક સુધી પાટણ શહેરના મુખ્ય બજારના બગવાડા દરવાજા થી અનાવાડા દરવાજાના રંગીલા હનુમાન સુધી બજારનાં મુખ્ય રસ્તા ઉપર તેમજ પાટણ સુભાષચોક થી જુનાગંજ-હિંગળાચાચર સુધીના રસ્તાઓ ઉપર ત્રીચક્રી (થ્રી વ્હીલર), ફોર વ્હીલર અને ભારે વાહનોના પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવુ છું.

સદર રસ્તાના વૈકલ્પિક રસ્તા તરીકે આદર્શ હાઈસ્કૂલ થઈ છીંડીયા દરવાજા વાળા રસ્તાનો તેમજ સુદામા ચોકડી થઈ સાઈબાબા મંદિર વાળા રસ્તાનો ઉપયોગ કરી શકાશે.

સદરહું જાહેરનામા નિયમોના ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ -૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે તથા આ જાહેરનામાના ભંગ બદલ BNS-2023 ની કલમ ૨૨૩ તળે કાયદેસર કાર્યવાહીને પાત્ર ઠરશે.

સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

આજ રોજ તારીખ :૧૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.06 18:17:41 IST